રાષ્ટ્રીય ગીતો.

ચોરી વખતે ગાવાનું ગીત.

પહેલાં પહેલા મંગળીયાં વરતાવોરે, પહેલા મંગળ રે ટીકો વરતાવોરે
બીજા બીજા મંગળીયા વરતાવોરે, બીજા મંગળ પુગીયો વરતાવોરે
ત્રીજા ત્રીજા મંગળીયા વરતાવોરે, ત્રીજા મંગળ ગાંત્રીજીને બોલાવો
ચોથા ચોથા મંગળીયા વરતાવોરે, ચોથા મંગળ લાલાજીને નેડાવોરે

પાચમા મગળ હિંદ દેવીને ફેરાવોરે,
છઠ્ઠા મગળ શૌકત મહમદને લખોરે,
સાતમા મગળ દાસબંધુને બોલાવોરે.

લેખક-શા. કાન્તીલાલ કાળીદાસ.

૨

પરણુતી વખતે ગાવાનું ગીત.

લાડણો પાટ બેઠો માગે રૂડા રે ટીયોરે
પૈસો વેવઇ ક્યાંથી લાવે રૂડા રે ટીગોરે
બેનો સુતારી ભાઈ જાગો રૂડા રે ગોરે

૨

લાડણો પાટ બેઠો માગે રૂડી તરાકરે
પેલો વેવઇ ક્યાથી લાવે રૂડા તર કરે
એનો લવારી ભાઇ જાગે રૂડા તરાકરે
લાડણો પાટ બેગે માગે રૂડી પુણીઓરે
પેલો વેવઇ ક્યાથી લાવે રૂડા પુણીઓરે
એનો પેજારી ભાઇ જાગે રૂડી પુણીઓરે

લેખક—શા K. K.

૩

(લાડણો પાન ચાવે ને રસ ઢોરે રે—એ રાગ)

લાડણો વરી વરી પાછુ જુવે જાણે મારા મહાત્મા સાથે આવે
જાણે રૂડા રેટીઓ સાથે લાવે
લાડણો પાન ચાવેને રસ ઢોરે લાડણો વરી વરા પાછુ જુવ
લાડણો વરી વરી પાછુ જુવે જાણે મારા કસ્તુરબા સાથે આવે
જાણે રૂડી તરાક સાથે લાવે
લાડણો પાન ચાવેને રસ ઢોરે લાડણો વરી વરી પાછુ જુવે
જણે મારા અનસુયા બેન સાથ આવ જાણે રૂડી પુણીઓ સાથ લાવે
લાડણો પાન ચાવને રસ ઢોરે લાડણો વરી વરી પાછુ જુવે
જાણે મારા દાસબંધુ સાથે આવે જાણે મારા વીવાનો રગ રાખે
લાડણો પાન ચાવન રસ ઢોરે લાડણો વરી વરા પાછુ જુવે
જાણે મારા શૌકત મહમદ સાથે આવ જાણુ રૂડી ખાદીનો રગ રાખે

લેખક—શા K. K.

૪

સ્વરાજ્યનો ડંકો.

(ખરા રાજાના ડંકા વાગીઆ જાદવરાય જાગો એ રાગ)

સ્વરાજ્ય ડંકા વાગીઆ, સહકારી જાગો
અજાણુપા ઉંઘમાથી જાગીઆ, ગુલામી ત્યાગો
હીંસાનો મારગ પરહરી, અહીંસક થાઓ
તામસ પ્રકૃતિ ત્યાગીને, શાન્તિમય થાઓ
અનીતી હથીઆર ત્યાગીને, નીતીને ન્યાળો
અન્યાઇ અમલદ રી છોડાને, ન્યાયનો પથ ભાળો
અવીવક અળગા કરી, વીનયને લાવો
ઇચ્છા હોય સ્વરાજ્યની તો, વહેલા આવો

૫

રેંટીડા રાજા.

ડંકો વાગ્યોને લશ્કર ઉપડયુ, રેટીડા રાજા
આવી છે શાતીપુરની ફોજરે, „ „
તામસને લીધો ચડી ચોટરે, „ „
વીવેક અવીકને હઠાવીઓ, „ „
વીનય વળતી આવાયો „ „
ક્ષમા ખડગ કરમા ધરી, „ „
હીંસક હથીઆર વશ કરી, „ „
ધીરજ ઢોલ વગાડોએ, „ „

અન્યાયી અમલદારી છોડાવીએ,　　　　રેંટીડા રાજા
સ્વરાજ આવે સુતરને તાંતણે,　　　　,,
ઇચ્છા ન રહી ફોટા ખેલમા,　　　　,,

૬

લગ્નમાં ગાવાનો એકડો.

એકડે એક ગાધીજીનો રાખો ટેક
　　　　મારી બેનો સ્વદેશી ખાદી સર્વ પહેરજો
બગડે બે બોલો ગાધીજીની જે,　　　　મારી
તગડે ત્રણ ગાધીજીનુ રહેશે પણ,　　　　મારી.
ચોગડે ચાર ગાધીજી કરે વીચાર,　　　　મારી
પાચડે પચ ગાધીજીને નાવે આચ,　　　　મારી
છગડે છ ગાધી કુટુંબની મદદ,　　　　મારી.
સાતડે સાત મારો પરદેશીને લાત　　　　મારી
આઠડે આઠ ગાધીજીનો સારો ઠાઠ　　　　મારી.
નવડે નવ ગાધીજીની શીખ મનુ લઉ,　　　　મારી
એકડે મીંડે દશ વીદેશીના કેજો બસ,　　　　મારી
બે એકડે અગીઆર સર્વ બેનો થાવ તઇયાર　　　　મારી
એકડે બગડે બાર ગાધીજીનો પોકાર વાગ્યા પરદેશીના બાર મારી
એકડે તગડે તેર ખાદી પહેરો ઘેરેઘેર　　　　મારી
એકડે ચોગડે ચઉદ કાઢો વિદેશી ઓલાદ,　　　　મારી
એકડે પાચડે પદર ગાધીજી જેલની અદર,　　　　મારી

એકડે છગડે સોળ સરકારનું પોલમ પોત — મારી
એકડે સાતડે સત્તર ગાંધી દેશનું છત્તર — મારો
એકડે આઠડે અટાર કાઢો વિદેશીને બહાર — મારો.
એકડે નવડે ઓગણીસ પરદેશને લેશે જોગણી — મારી
બગડે મીંડે વીસ પડાની દેશીએ ચીસ — મારી

૭

મંડપ આમંત્રણ ગીત.

બ્હેની લગ્ન મંડપમાં પધારજો,
સાથે સાહેલીઓનો સંગ બહેની લગ્ન મંડપમાં પધારજો
મારે અમુલખ અવસર એશરે,
સલુણી સાચી કહુ વાત મારે અમુલખ અવસર આવીઓરે.
શોભે મંડપ સૂર્ય પ્રકાશથીરે,
વળી ચંદ્ર શિતળ ચોપાશથીરે,
જાણે શોભે સ્વરાજ્યથી દેશરે, ગુણવંતી સાહેલી પધારજોરે
બ્હેની ખાદીની સાડી અંગે પહેરજો,
હાથે કાંતેલી વણી આપણા ભાઇએરે,
એતો અમુલ્ય ને ઉત્તમ બેશ ગુણવંતી સાહેલી પધારજોરે
પહેરો લજ્જા કુસુંબલ કાચળીરે,
ચતુરાઇનો શણગારો ન વીસરાય, તમ આવે મંડપ શોભશે માયરો
ધરો પટકુલ પ્રેમથી ધર્મ[illegible] મ ભાવ કીનારી શુ મર્મનું,
તમ અંગે જણાયે [illegible] [illegible] ગુણવંતી [illegible] પધારજો

કર વિનય રૂમાલ ન વીસરોરે, તે પણ સુંદર ખાદીનો ધરજો,
ભાલ દયા તિલક સુવાસરે, સાહેલી લગ્ન મંડપમાં પધારજો
રૂડાં પતિવ્રતથી ભર્યાં દીલડાં, રગેરગ પ્રભુ ભક્તિથી ભર્યાંરે,
માતૃભક્તિ અંતરમાં હમેશરે, રસીલી સખી લગ્ન મંડપ પધારજો
એવા વેશે મંડપમાં પધારશોરે, નિતીના ગીતથી મંડપ શોભાવશોરે
નવા પ્રસંગો મણિમય દેશગે, સાહેલી મંડપમાં વહેલા પધારશો

પાદરાકર

—•—

૮

(મારે સામસામી સુરજ ઉગીયો—એ રાગ)

આજ મારે અમુલખ અવસર આવીયોરે,
લીધા લગ્ન ને તમે તો સીધાવીયા,
બાપુ, અમને હતી ઘણી હાશરે, ગાંધીજી પાછા કયારે આવશોર,
તમ વિણુ ગુજગત સુના પડયોરે, બાપુ વિણુ શોક હૈયે ચડયારે
હવે દર્શન કયારે પમાયરે—ગાંધીજી
તમે અમુલખ મંત્રો ફુકીયારે, નવચેતન દેશનેરે રેલીયા
સત્યાગ્રહના જાપજ થાયરે—ગાંધીજી
બાપુ સાચી ફકીરી તમે ધરીરે, સુખ સાહ્યબીને દુરે ધરી
જેથી સાચું સ્વરાજ્ય પમાય-ગાંધીજી
લઇ સ્વરાજ્ય વહેલા પધારજોરે, અમ આમંત્રણને સ્વીકારજો
દેજો વરવહુને શુભ આશિષ—ગાંધીજી.
અમે ખાદીના મંડપ રોપીયારે મુદ્રાલેખ સ્વરાજ્યના આરોપીયા,
કર્તવ્ય સાચું કયારે કહેવાય, ગાંધીજી

૭

રૂડી રૂતુ વસંત ખીલી રહી, માહા માસની પંચમી ઉજળી.
એવા અવસરે પગલા ક્યાંથી થાય—ગાંધીજી
કર કુમકુમ કુસુમની માળ ધરી તમ સુદર્શનને આરોપીએ
આવો મોંઘો અવસર વહી જાય,—ગાંધીજી પાછા ક્યારે આવશો

માતરીયા

૯

(રાગ—માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો)

સખી ક્યારે ઓઢશો સુંદર ખાદી, હાથે કાંતી વણું હોય જાડી—સખી
લ્હાગો ચણીયો ગુલામી વાયલનો, ચોળી ફેશનની રંગ છાયલનો,
વળી ત્યાગી દ્યો મોહ ગવાનનો— સખી
ફસ્યો ફેશને દેશ બીચારો, પરતંત્ર થયો હિન્દ પ્યારો
દશા દેશની સજની વિચારો— સખી
જાય નથી પવિત્રતા પ્યારી, મર્યાદા લોપાય તમારી
એથી જાડી ખાદી વધુ સારી— સખી
સાદે વેશ જીવન જો જીવાએ, નારી જન્મ સફળ કહેવાયો,
સેવા દેશની સહજ કરાયે— સખી.
તજો મોહ ફેશનની ખુમારી બચશે એથી લક્ષ્મી તમારી,
ધર્મ કુળ વર લજ્જા સંભાળી— સખી
ખાદી વસ્ત્રો અંગે ધારી
શિયળ—ધર્મ—નીતિને સંભાળો, ખાદીથી થશે દેહ સુધારો—સખી

માતરીયા

૧૦

લગ્ન આભુષણ.

(માલણ ગુંથી લાવ્ય ગુણીયલ ગજરો—એ રાગ)

આભુષણ લગ્નમા કેવા ધરશો, સખી લગ્ને ભારતને વિસરશો—આભુષણ
દેશ સુતો આળસ સૌડય તાણીરે, કાતી કનક કળાનો રીસાણોરે,
આવી પરત્વ શાતને ગરીબાઇ— આભુષણ
એવે પ્રગટી ઉષા લાની ગાંધીજે, ફુકી શ ખ ટાળી ઉપાધીરે,
મહામૈયાઓ પર આશા બાંધી— આભુષણ
તમે પસવ્યાતા વીર કુમારોરે, ભીષ્મ ધર્મ પૃથુ રાજકારો,
વીર માતા છો કેમ વિસારો— આભુષણ
કેમ શોભે કનક અલકારોરે, ઝીણા વાયલ વીદેશી કેમ ધરો
દશા દેશની હૈયે વિશારોરે— આભુષણ
કારાગ્રહમા વીર હજારોરે, દેશ માટે તજે પ્રાણ પ્યારો
તો દેશ માટે ખાદી અંગ ધારો— આભુષણ
તમ દેશની ગાયો કપાયે, તેની ચરબી વસ્ત્રે લગાવે,
સારા દેશના મન મુઝાયે— આભુષણ
સાદુ અન્નને ખાદી મારી, સૌ ફેશન નાખજો ટાળી,
સાચા ધર્મને લેજો સભાળી— આભુષણ

૧૧

ખુશી થઇને ખાદી પહેરો મારી વેવાણોરે
મુકો વિલાયતીનો ચાળો મારી વેવાણોરે

૯

અડધી નાગી દેખાય જાત મારી વેવાણોરે
તેથી હલકી પડતી નાત મારી વેવાણોરે
બાળી વિલાયતીનો વેશ મારી વેવાણોરે
જોના મળશે લપટ નોક મારા વેવાણોરે
તમે છો કુળવાનની જાત મારી વેવાણોરે
લુટાવા હાથે કરીને લાજ મારા વેવાણોરે
માનો ગાંધીજીનો પાઠ મારી વેવાણોરે
ખુશી થઇને ખાદી પહેરો મારી વેવાણોરે

૧૨

વેવાઇ તમે સાજન લઇ ભલે આવ્યારે
આવી અમને ભુંડા વેશે શરમાવ્યારે
ટોપી પહેરી બન્યા ગોકુળની ગોપીરે
વેવાઇ તમે પહેર્યા વિલાયતી જામારે
જામા પહેરી જાગલાના બન્યા શાળારે
વેવાઇ તમે પહેરી વિલાયતી ધોતીરે
ધોતી પહેરી માતાની કુખ વગોવારે
વેવાઇ તમે પહેર્યા લેધરના બુટરે
બુટ પહેરી બન્યા સાહેબના પુતરે
વેવાઇ તમે બાળો વિલાયતી વેશરે
ખાદી પહેરી શોભાવો તમારો દેશરે

કઠવાલકર

૧૩

(રાગ મેઘાડબર ગાજે—એ રાગ)

ખાદી સજોને મારી બેનીઓ, જેથી જાલીમ સરકાર ભાગે,
ફેરવો રેંટીઓ ખતથી, જેથી સંસ્કાર ભાગે
જેણે લાજ લીધી લાખોની, જલીયાવાળા બાગે,
તેનો નાશ છે રેટીયો એવુ ગાધીજી ભાખે
બારીક કપડાં લાવીને, જેણે નગ્ન બનાવ્યા,
ગાયની ચરબી ભેળવી, જેણે અંગ અભડાવ્યા
અંતર બગાડયુ છે ખાડથી, જેમા હાડકા આવે,
અપવિત્ર બનાવીયા, કયાથી પવિત્ર થાવો
સેવીકા બની દેશની દેશ નામ દીપાવો,
સીતાયે વનફળ વાનીયા, સતીનું તત્વ જાણી
વનફળ ખાદી આ સમે, એવો મહાત્માની વાણી,

૧૪

(ભમરા પહેલો વધાવો મારે આવીઓ)

ભારત આગણે અસહકાર જોને આવીઓ,
પામ્યો આશ્રય ગાધીજીના દરબારરે-ગાધીના ચરણે નમી લેવો
અસહકારને ૧
જુલમી સત્તાની જડ ઉખાડતો,
જાલીમ જુલમી જોધાને નીચે પાડતો— ,, ૨
સમન બધુક બરછીએ ચડાવીઓ,
જુલમી ધનવાનોનો ઘાટ ઘડાત—ગાધી ,, ૩

રાજા રામ તણું તો રાજ સ્થાપીયુ
દાનવ દડી સાધુને શરણું આપીયુ, ,, ૪
સજની ભારત માતાની રાખી લાજ ગાંધી
પોતે પ્રભુ અસહકારે જોને ઉતર્યા— ,, ૫
સુતા પુત્રો ભારતના જગાડીઆ,
પ્રેમે અહિંસા યુદ્ધ ને હલકાર-ગાંધી ,, ૬

જો ભ. કઠવાલકર.

૧૫

(રાગ—વીર વાર વારી જાઉં, મારા રાજવીઓના હાથી ઝુલે બાગમાં)

ઉગ્યો સખી ભૂમિનો રવી ગુજરાતમા
ધન ભારત ભૂમિ તુજ તારણુ જેના હાથમાં—એવા અસહકારી નેતા જીવો હિંદમા. ૧
ધન ગાંધીજી તમ જસ ઝળકયો નવ ખડુંમા
દુખ હિંદુ તણો હરવા હિમત ધરી પડમા— ,, ૨
ધન કસ્તુરબા તમ સદગુણ શા સાંભળીએ,
પતિ સગે સાધુ થઇ સ્વાર્થ નિહારીએ— ,, ૩
ધન લાલજી, શ્રી દાસ પટેલ હકીમજી,
તેથી માલવીયા નેહરૂ મુર્તીઓ પ્રેમની— ,, ૪
ધન પાર્વતીદેવી શ્રીમતીબેન સરોજના
પુજ્ય આત્માને વાસંતિ સરલા શ્રીમતી— ,, ૫
હતા વૈભવ ઇન્દ્રભુવન એ મરવે તણા
હતો દાસી દાસ અનેક ગાડી ઘોડલા— ,, ૬

હતા ભવ્ય મહેલો સુખમન મશરૂ પાથર્યા
હતા ધીરતા ધંધા સાના ચાંદી વામણાં— ,, ૭
પણ હિંદ તણી ઇજ્જતને જતી બચાવવા
વળી જુલમી સત્તાને ઠેકાણે લાવવા— ,, ૮
થયા ત્યાગી તે નર નારી હિંદના કારણે
નીજ સુખ વૈભવ વિસારી નાકળ્યા કારણે— ,, ૯
ફકીરી લઇ ખાખ અંગે ધરી છે પ્યારથી
જગવ્યો અલહક હિંદ મંત્રજ અસહકારથી— ,, ૧૦
પ્રભુ હવે કદર કરો એ નેતાઓના ત્યાગની
પ્રભુ સ્વરાજ્ય દઇ સમાવો ઉપરની લાગણી— ,, ૧૧

જો ભ ઠઠલાલકર.

૧૬

(રાગ–ભમરા પહેલો વધાવો મારે આવીઓ,)

એની સ્વરાજ લેવાને ચાલો સાથરે બાપુ ગાંધીજી જેને બેઠારે
કરતા તપ એ હિંદ માતા માટે, બાપુ ગાંધીજી જેને બેઠારે,
પ્રથમ પાઠ શીખવ્યો હમને શાન્તી તણોરે,
હિંદુ, મુસલમાન એઓ તમે સાથ એકતાને કરીને હાથ,
બાપુ ગાંધીજી જેલે બેઠારે
મન વાણી કયાથી હિંસક ના બનોરે,
શુદ્ધ વ્રત લેજો શુદ્ધ ખાદી સર્વ મુકી વિદેશીનો ગર્વ
બાપુ ગાંધીજી જેલ બેઠારે

સાચી શી બના સાચવવા રાખો રેટીયો,
છે એમા હિન્દ તણો ઉદ્ધાર, રીપુનો એ છે કાળ,
બાપુ ગાધીજી જેલે બેઠારે

દેતા શીખામણો બાપુજી જ્યારે અહીં હતા,
હવે સર્વ લેશો ખાદીના સભાળ, ઇશ્વર તમને કરશે સ્હાય,
બાપુ ગાંધીજી જેલે બેઠારે

જેલે બેઠા બેઠા બાપુ એવુ બોલતા,
તમે માનો નહી દુસ્મનોની રહેમ, ખાદી રાખશે કુશળક્ષેમ,
બાપુ ગાધીજી જેને બેઠારે

૧૭

હસ્ત મેળાપનુ ગીત.

(ભમરાનો વધાવાનો)

સજની રામ સીતા જોને જોડલા,
થાયે વર વધુ હસ્ત મેળાપરે, સજની
જીરે કુવર કુવરીની જોડી લાવકી,
સજની હાથમા હસ્ત ધરી દોય,
વર કન્યાને અતર પ્રેમરે, ગુણવતી સજની રામ સીતાની જોડલી.
સજની જન્મ જન્મના બેઝા બાધીયા,
સાંધ્યા અતરથી અતરના બધરે, રસ ઘેની સજની.
સજની ભેદ ન લવ લેશ આજથી,
ધર્યા અમે સ્વદેશી કેરા વતરે, સલુણી સજની.
સજની સેવા સ્વદેશની સ્વીકારશો

વળી વસ્ત્ર સ્વદેશી ધરજો રાખી પ્રીત સલુણી સજની
સજની સ્વદેશ ધર્મ ધારા પથમાં,
જોટી જીવન રથ નિર્દય લાકડવાડ રુજની
સજની સુ સાર નાવ ચલાવશો,
પામશો ભાગ્યના શણગારરે ઓ શાણી સજની
એમ હસ્ત મેળાપ થયો રંગથી.
પ્રવર્ત્યાં ત્યાંતો જય જયકાર ગુણવતા સજની

પાદશાહર.

૧૮

લગ્નમાં વરકન્યા.

(વર તો ચાલુ ચાલુ કરી રહ્યો)

વર તો ખાદી ખાદી કરી રહ્યો,
વરનો બાપુ ન પહેરવા દે,
વર તો ખાદી વિના ઘોડે નહિ ચડે.

છોકરો—બાપુ વિદેશી વસ્ત્ર અંગે નહિ ધરૂ.
વાળ્યુ વિદેશીએ સત્યાનાશ — બાપુ

બાપ—ભાઇ ઉચ કુટુંબ કહે આપણુ
પહેરે વિદેશી જામા શુરવાલ.
લગ્ન ખાદીરે શોભે નહિ — વર તો

છોકરો—બાપુ ખાનદાની ખાદીમા બધી
મુકો વીદેશી વસ્ત્રોમા આગ વરતો,

બાપુ—ભાઇ અપશુકન આમ બોલ મા,
કેમ શુકનમા બોલ એવા બોલે — વર તો

છોકરો—ગૌહત્યામાં બાપુ શુકન મા ગણો,
પહેરે વિદેશી લાખો ગૌહત્યાવ
ખાદી વિનારે ઘોડે નહિ ચડે, વર તો
બાપુ—ભાઈ શાસુ મહેણાંરેદેશે આપતી
કરશે જ્ઞાતીમાં સૌ ફીટકાર,
લગને ખાદીરે શોભે નહિ
છોકરો—બાપુ રહેરાશે ફીટકારો નાતના,
નહિ રહેવાસે પ્રભુ હીલકાર
લાવો લગનમા ખાદી સૌ માટે,
સુણી શબ્દો બાપુને સસરો ચેતીઆ,
લાવ્યા શુદ્ધ ખાદીનાં સૌ વસ્ત્રો.
ખાદી વિનારે લગ્ન ના કરો.

પ્રભુદાસ ઠક્કર

૧૯

વરઘોડા વખતે ગવાતુ સ્વદેશી ગીત.

(હુ તો મોકલ વેવાઈ માફારે—એ રાગ.)

હુ તો મોકલ વેવાઈ રે ટીડા, મારા દેશનો દાતાર રે ટીડા
સ્વદેશી સપતી રે ટીડા, સ્વરાજ સાધક રે ટીડા
ફેશનનો બાધક રે ટીડા મોહન ગમતો મન રે ટીડા,
મારો જુના જમાનાનો રે ટીડા, ગાંધીજીનો ગોતેલ રે ટીડા
ખીલવાતો વારસ રે [illegible] ના શણગાર રે ટીડા,

ખાદીનો ખાવીંદ રે રેંટીડા, સ્વરાજની ચાવી રેંટીડા
મારો હિંદનો હીરો રે રેંટીડા, વરરાજાને વાહલો રે રેંટીડા
તું તો મોકલ વેવાઇ રે રેંટીડા, માંડ સ્વદેશી સાજન આવેરે
એને ફેશન તો નહી ફાવેરે, ખાદીના પહેરામણી માગેરે

આવે આવેરે, રેંટડાનો રસીઓ,
સત્યાગ્રહી શુરો મોહન મન ગમતો,
ગાંધી ગુરુજીને નમતો, ખાદીને દરવેશી.
ફેશન ફુંકી દેશી ત્યારે કન્યા લેસે, તારી કુંવરીને ખાદી પહેરાવે
એ તો હિંદનો હીતેચ્છુ કહાવેરે, સ્વદેશનો સેવક આવેરે
તારા મંડપને શોભાવરે
એતો ઇચ્છા પુરણ કરશેરે નારી લાડલી ઘેલીને વરશેરે

૨૦

કન્યા તરફથી ગવાતુ સ્વદેશી ગીત.

અમ ઘેર વેવાઇઓ ભલે આવ્યારે
સાથ સ્વદેશી સાજનીઆ ભલે લાવ્યારે
તમ માટે રેંટીડા મંગાવ્યારે,
વેવાઇઓને રેંટીડે રીઝવશુરે,
ખાદીની પહેરામણી કરશુરે

તમામ જાતનાં પુસ્તકો સસ્તા ભાવથી

મળવાનું મુખ્ય ભરૂસાપાત્ર ઠેકાણું

બુકસેલર

જડુલાલ નારણદાસ.

નડીઆદ.

તૈયાર છે.

વરએલી વીણા. ભાગ ૧ થી ૪.

કીંમત ફક્ત. રૂ. ૦-૪-૬

સસ્તી કીંમતમાં ઉત્તમ વાંચન તૈયાર છે

જર્મનનાં રાષ્ટ્રીય ગીતો	...	..	રૂ. ૦-૧-૯
વર્તમાનકાળનો ઇન્સપેક્ટર	...	..	૦-૧-૬
રાષ્ટ્રીય ગરબા—સ્વરાજ્ય ગર્જના ..		...	૦-૨-૯
સંગીત શશીકળા સચીત્ર વાર્તા...		...	૦-૬-૯
સ્વતંત્ર સ્વરાજ	.	...	૦-૧-૯
દૃષ્ટિ' (રવીન્દ્રનાથ ટાગોર કૃત)		...	૦-૨-૬
રાજર્ષિ ભગુજ્જરી—સચીત્ર વાર્તા ...			૦-૮-૯
ચતુર્ગાની ચટાક—ભાગ ૧-૨ ...			૦-૨-૦
મુઆડાનો શેઠાણી ભાગ(૧-૨-૩-૪)		...	૦-૪-૦
જસમા ઓડણ—સતી સાવિત્રી	...	...	૦-૧-૦
સોળ વરસની સતિ નવ વરસનો પતિ— (ભાગ ૧ થી ૬)	...	...	૦-
રુસ્યનો સીતારા	... ...	...	૦-
ફેશનેબલ જનાનો	... .	.	૦-
કલીયુગનાં કૌતુક .	... ...	...	૦-

બુકસેલરો અને ફેરી કરનારા ગૃહસ્થોને ઉ કમીશન આપવામાં આવે છે.

બુકસેલર જદુલાલ નારણદાસ—નડીઆદ